---

**મોડાસાના મે. એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ એસ.આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં, મું.મોડાસા.**

---

**ક્રિમિનલ કેસ નંબર : ૧૭૫૦/૨૦૨૪**

**આંક :**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ ઘ્ધ**

**આરોપી** : ચેતનભાઈ બાલાભાઈ ડાભી,ઉ.વ.૩૭
રહે.દોલપુર તા.મોડાસા જી.અરવલ્લી

**ગુનો :ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબ.**

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.આર.પટેલ
બચાવ પક્ષ તરફે વિ.વકીલ શ્રી

---

**||| ઠ રા વ |||**

(૧).. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતા, આરોપી હાજર થતા તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની પ્લી વાંચી, સંભળાવી, સમજાવતા, આરોપીએ તેની સામેના આક્ષેપિત ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી સ્વેચ્છાએ ગુનો કબુલ રાખેલ છે.

(૨).. આરોપીએ ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી જણાવે છે કે, આરોપી ગરીબ વર્ગના તેમજ એક જ કમાનાર વ્યકિત છે. આરોપીએ ફરીવાર ગુનો નહી કરવાની ખાત્રી આપી દયાની માગણી કરી યોગ્ય દંડ કરવા રજુઆત કરેલ છે. સદર કેસની હકીકત તેમજ ગુનાની ગંભીરતા તથા કબુલાત ધ્યાને લેતા આરોપીને લાંબા સમયની કેદની સજા કરવાના બદલે હળવી સજા કરવી ન્યાયિક અને ઉચિત જણાય આવે છે. આમ, આરોપીને સદરહું ગુનામાં તકસીરવાન ઠરાવી

ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ-૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/-(અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન-૦૩(ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ દારુનો અપિલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૨૦ મી માહે,જુલાઈ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૭/૨૦૨૬

મુ.મોડાસા.

(સુરભી શર્મા)
એડી. જ્યુડી. મેજી. ફ. ક., મોડાસા
(કોડ નં.જી.જે.૦૧૫૭૧)

એ.એન.પી.